જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/૧૦/૨૦૧૫ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૨૧૧૩/૧૫

## વટવા વિસ્તારમાં થયેલ ચોરીના ગુનાના મોબાઇલ તથા રોકડા રૂપીયા સાથે એક આરોપીને પકડી પાડતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ.

નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઇમ બ્રાન્ચ તથા મ.પો.કમિ.શ્રી આર.બી.પટેલ ,સાયબર ક્રાઇમ સેલ, ક્રાઇમ બ્રાંચ નાઓની સુચનાથી તેમજ પોલીસ ઇન્સપેકટર વી.જે.રાઠોડ સાહેબના માર્ગદર્શન હેઠળ પો.સ.ઇન્સ.શ્રી જે.એમ.જાડેજા નાઓ મિલકત સબંધી ગુનાઓ શોધવા માટે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન મળેલ બાતમી હકીકત આધારે આરોપી શરીફ @ માસ્ટર નિઝામભાઇ શેખ ઉ.વ. ૨૭ રહે. બુધાલાલની ચાલી,શફી મંઝીલ, નવાબની ચાલી પાસે, શાહઆલમ,અમદાવાદ શહેર નાને એક ઝોલો મોબાઇલ ફોન કી.રૂ. ૫૦૦૦/- તથા રોકડા રૂ. ૧૦,૦૦૦/- સાથે જમાલપુર બ્રિજ નીચેથી પકડી પાડેલ છે.

આરોપી પાસેથી મળી આવેલ મોબાઇલ ફોન તથા રોકડા રૂપીયા અંગે આરોપીની ઘનિષ્ઠ અને ઉંડાણપુર્વક પુછપરછ કરતા આરોપીએ આ મોબાઇલ ફોન તથા રોકડા રૂપીયા આજથી ત્રણેક માસ અગાઉ વટવા વિસ્તારમાં એક બહેન એકટીવા લઇ ઉભા હતા તે વખતે નજર ચુકવી એકટીવામાં ભરાવેલ પર્સ ચોરી કરી લીધેલ તેમાંથી મળી આવેલ હોવાનું જણાવે છે. આ અંગે વટવા પોલીસ સ્ટેશન ખાતે ફ.ગુ.ર.નં. ૨૭૩/૧૫ ઇપીકો કલમ ૩૭૯ મુજબનો ગુનો નોંધાયેલ છે. જેથી આરોપીને વટવા પો.સ્ટે. ખાતે સોંપવા તજવીજ કરવામાં આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)